# Mari Sheriaethi Kan Kunvar Lyrics | Darshana Gandhi | Sur Sagar Music

એ મારી શેરીએથી કાનકુંવર આવતા રે લોલ.
મુખેથી મોરલી વગાડતા રે લોલ
મારી શેરીએથી કાનકુંવર આવતા રે લોલ.
મુખેથી મોરલી વગાડતા રે લોલ
મુખેથી મોરલી વગાડતા રે લોલ

એ હું તો ઝબકીને જોવા નીસરી રે લોલ
ઓઢાના અંબર વીસરી રે લોલ
હું તો ઝબકીને જોવા નીસરી રે લોલ
ઓઢાના અંબર વીસરી રે લોલ.

હું તો પાણીડાંની મસે જોવા નીસરી રે લોલ
ઇંઢોણી ને પાટલી વીસરી રે લોલ
હું તો પાણીડાંની મસે જોવા નીસરી રે લોલ.
ઇંઢોણી ને પાટલી વીસરી રે લોલ

એ મારી શેરીએથી કાનકુંવર આવતા રે લોલ.
મુખેથી મોરલી વગાડતા રે લોલ
મુખેથી મોરલી વગાડતા રે લોલ

એ રૂડી સાગ રે સીસમની મારી વેલડી રે લોલ
નવલે સુથારે ઘડી પેંજણી રે લોલ
રૂડી સાગ રે સીસમની મારી વેલડી રે લોલ
નવલે સુથારે ઘડી પેંજણી રે લોલ

એ મેં તો ધોળો ને ધમળો બેઉ જોડયિા રે લોલ
જઇને અમરાપરમાંમાં છોડયિા રે લોલ
મેં તો ધોળો ને ધમળો બે જોડયિા રે લોલ
જઇને અમરાપરમાંમાં છોડયિા રે લોલ

એ મારી શેરીએથી કાનકુંવર આવતા રે લોલ.
મુખેથી મોરલી વગાડતા રે લોલ
મુખેથી મોરલી વગાડતા રે લોલ

એ અમરાપરના તે ચોકમાં દીવા બળે રે લોલ
મેં તો જાણ્યું કે હરિઅહી મળે રે લોલ
અમરાપરના તે ચોકમાં દીવા બળે રે લોલ
મેં તો જાણ્યું કે હરિઅહી મળે રે લોલ

એ મેં તો દૂધ ને સાકરનો શીરો કર્યો રે લોલ
ત્રાંબાના ત્રાંસમાં ટાઢો કર્યો રે લોલ
મેં તો દૂધ ને સાકરનો શીરો કર્યો રે લોલ
ત્રાંબાના ત્રાંસમાં ટાઢો કર્યો રે લોલ

એ મારી શેરીએથી કાનકુંવર આવતા રે લોલ
મુખેથી મોરલી વગાડતા રે લોલ
મુખેથી મોરલી વગાડતા રે લોલ

એ હું તો જમવા બેઠી ને જીવણ સાંભર્યા રે લોલ
કંઠેથી કોળયિો ન ઊતર્યો રે લોલ
હું તો જમવા બેઠી ને જીવણ સાંભર્યા રે લોલ
કંઠેથી કોળયિો ન ઊતર્યો રે લોલ

એ મને કોઇ રે દેખાડો દીનાનાથને રે લોલ
કોળયિો જમાડું જમણા હાથનો રે લોલ
મને કોઇ રે દેખાડો દીનાનાથને રે લોલ
કોળયિો જમાડું જમણા હાથનો રે લોલ

એ મારી શેરીએથી કાનકુંવર આવતા રે લોલ.
મુખેથી મોરલી વગાડતા રે લોલ
મારી શેરીએથી કાનકુંવર આવતા રે લોલ
મુખેથી મોરલી વગાડતા રે લોલ
એ મુખેથી મોરલી વગાડતા રે લોલ
મુખેથી મોરલી વગાડતા રે લોલ
હો મુખેથી મોરલી વગાડતા રે લોલ
મુખેથી મોરલી વગાડતા રે લોલ.

GujaratiLyrics.com